**–:: હુકમ ::–** ક્રી.કે.ન. /૨૦૨

આરોપીની ગુના કબુલાત પુરશીષ ધ્યાને લીધી. પ્રોહી. એકટની કલમ ૬૬ ૧ બી ના પ્રબંધો પણ ધ્યાને લીધા. તેમાં પ્રંબધીત કથીત સજાની તથા દંડની જોગવાઈ ધ્યાને લીધી છે. આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેતાં તે ગરીબ માણસ છે, તેનો આ પ્રથમ ગુનો છે. કુટુંબના તમામ સભ્યોની જવાબદારી તેના પર છે. આથી જો તેને કાયદામાં દર્શાવેલ વધુમા વધુ સજા ફરમાવવામાં આવે તો મોટી હેરાનગતિ માંથી પસાર થવુ પડે. જેથી માનની.ગુજરાત હાઈકોર્ટના ન્યાયનિર્ણય ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં. ૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી હરચંદજી ઠાકોરના ચુકાદાના સોનેરી સિધ્ધાંતોને અનુસરતા કાયદામાં દર્શાવેલ ઓછામાં ઓછી સજા ન કરતા ફકત દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવી જોઈએ. તેવું મારૂ માનવું છે અને જેથી નીચે મુજબનું ફમરમાન કરૂ છું.

**–:: હુકમ ::–**

આરોપીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૫૨ના પ્રંબધોને અનુલક્ષીને ધ ગુજરાત પ્રોહી.એકટની કલમ ૬૬ ૧ બી મુજબના ગુનામાં તકસીરવાર ઠેરવી રૂા.૧૦૦/– (અંકે રૂપિયા.. સો પુરા ) દંડ તેમજ કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે, જો દંડ ના ભરે તો ૭ દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે. **અગાવ કરેલ મુદામાલ વાહનનો હુકમ કાયમ કરવામાં આવે છે.અને જો કોઇ હુકમ ના થયેલ હોય તો તેની ઇન્કવાયરી કરી માલીક ને પરત કરવો.અન્ય મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો.**

હુકમ આજરોજ હુકમ ૧૪/ ૯/ ૨૦૨૪ ના ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

( આનંદભાઈ હર્ષદભાઈત્રિવેદી )
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,રાજુલા
( જી.જે.૦૧૩૨૫ )